**<u>ભિલોડાના મે. એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, સાહેબશ્રી ની કોર્ટમાં,મુ.ભિલોડા,</u>**

**<u>CC NO.430/2026</u>**

**EXI.7**

ફરીયાદી : – શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી :– ઈમ્તીયાજઅલી અબ્બાસઅલી સૈયદ
રહે. ટાકાટુકા તા.ભીલોડા જી.અરવલ્લી

**આરોપ :–પ્રોહી. કલમ– ૬૬(૧)(બી),૮૫(૧) મુજબ**

## <u>–:: ઠરાવ::–</u>

(૧) આ કામના આરોપી વિરુધ્ધ પ્રોહી.કલમ–૬૬(૧)(બી),૮૫(૧) મુજબ અન્વયેના ગુન્હાનો આરોપ છે. તે મુજબનું તહોમતનામું વાંચી સંભળાવતા આરોપી સ્વૈચ્છાએ મજકુર ગુન્હાની કબુલાત કરે છે. જે અંગેની કબુલાત પુરસીસ રજુ કરેલ છે. જે આરોપીને વાંચી સંભળાવતા સ્વૈછાએ સમજી, વિચારી કબુલાત કરેલ છે અને આરોપીની પ્લી લેતા તેઓએ ગુન્હાનો એકરાર કરેલ છે.

(૨) આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતા, આરોપીને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ આરોપીની પ્લી ગુના સબબ નોંધતા આરોપીએ પોતાની સામેના ગુનાનો સ્વૈચ્છીક એકરાર કરેલ છે અને કબુલાત પુરસીસ અલગથી આપેલ છે.

(૩) આરોપીએ ગુનાનો એકરાર સ્વૈચ્છીક રીતે કરેલ હોય આરોપીએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહી કરવા ખાત્રી આપતા હોય આ કામના આરોપીએ ગુનાનો એકરાર કરેલ હોય, આરોપીને હળવી સજા કરવી જોઈએ તેમ માનુ છુ. આરોપી સામેના આક્ષેપિત ગુનાનો પ્રકાર, તેમા સજાનું પ્રમાણ, આરોપીની રજૂઆત, તેની પરિસ્થિતિ ધ્યાનમાં લેતા અને નામદાર ગુજરાતની વડી અદાલતે **૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં.૭૦૯ નટવરચંદ હીરાચંદ ઠાકોર**ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને ધ્યાનમાં લેતા આરોપીને હળવી સજા કરવાનું વ્યાજબી અને ન્યાયિક જણાતુ હોઈ, ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુકમ::–</u>**

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮ મુજબ પ્રોહી.કલમ– ૬૬(૧) (બી), ૮૫(૧) મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા **રૂા.૧૦૦/– (અંકે રૂપિયા એકસો પુરા)** નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો દંડ ભરવામાં કસુર કરે તો દિવસ– ૦૩(ત્રણ) ની સાદી કેદની સજા ભોગઢવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૪ મી માહે: માર્ચ સને: ૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**મુ. ભિલોડા.**
**તારીખ:૧૪/૦૩/૨૦૨૬**

**(તુષારભાઈ વીરાભાઈ પરમાર )**
એડિશનલ ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ
ભિલોડા.
**UID CODE GJ01084**